# BUSINESS મિત્ર

### નિફ્ટી વીકલી એક્સપાયરીમાં શોર્ટ કવરીંગે આઇટી, એફએમસીજી અને રિયલ્ટી શેરો વધ્યા

# શેરબજારમાં સતત બીજા દિવસે તેજી: નિફ્ટી 24000 પોઇન્ટની નજીક

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 16:** ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધ વિરામ કરાર થયા પછી ક્રુડ ઓઈલના ભાવમાં ઘટાડો આજે પણ આગળ વધ્યો હતો. જેના લીધે સતત બીજા દિવસે ભારતીય શેરબજારમાં તેજી જોવા મળી હતી. રૂપિયાની હલનચલનના કારણે રોકાણકારોના સેન્ટિમેન્ટમાં વધારો થયો છે. બીજી તરફ, એફઆઈઆઈની ગઈકાલે પોઝિટિવ વલણ જોવાયું હતું. જે આગળ વધે તેવો આશાવાદ જોવાઈ રહ્યો છે. જેથી રોકાણકારોના સેન્ટિમેન્ટમાં વધારો થયો છે.

બજારના સહભાગીઓ વધુ દિશાત્મક સંકેતો માટે ચોમાસાની પ્રગતિ, એફઆઈઆઈ પ્રવૃત્તિ અને ફુગાવાના વલણો પર નજર રાખશે. નિફ્ટી અંતમાં કારોબારમા 24000ના આંકડાને સ્પર્શ્યો હતો, પંરતુ બંધ પહેલા નજીવી નફાવસુલી રહી હતી.

બીએસઇ સેન્સેક્સ 544.15 પોઇન્ટ એટલે કે 0.71 ટકા વધીને 76808.48 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 76846 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 76443 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 135.25 પોઇન્ટ એટલે કે 0.57 ટકા વધીને 23989.15 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 24002 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23888 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 98.35 પોઇન્ટ એટલે કે 0.17 ટકા સુધરીને 57297.15 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે ટોરેન્ટ પાવરમાં 1.7 ગણા, જનરલ ઇન્સ્યોરેન્સમાં 9.9 ગણા, ચોલામાંડલમ ફાઇ.માં 9.47 ગણા, ગુજરાત ફલુરોકેમમાં 5.57 ગણા અને એબી રિયલ એસ્ટેટમાં 4.85 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે સોનાટા સોફટવેરમાં 35.35 ગણા, ડો. લાલ પેથલેબમાં 34.66 ગણા, ફર્ટીલાઇઝર એન્ડ કેમિકલ્સમાં 31.74 ગણા, જનરલ ઇન્સ્યોરેન્સમાં 24.7 ગણા અને કલ્પતરૂ પ્રોજેકટસમાં 11.98 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં સુધારો જોવાયો હતો. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.33 ટકા અને બીએસઇ સ્મોલકેપ ઇન્ડેક્સ 0.48 ટકા વધ્યો હતો, જેના લીધે માર્કેટ બ્રેડથ મજબૂત જોવાયા હતા. બીએસઇ ખાતે 2382 શેરો ઉછળ્યા હતા, જ્યારે 1867 શેરો ઘટ્યા હતા અને 180 શેરો યથાવત રહ્યા હતા.

રિયલ્ટી શેરોમાં ઝડપી ઉછાળો જોવાયો હતો. નિફ્ટી રિયલ્ટી ઇન્ડેક્સ 2.26 ટકા વધ્યા હતા. જે છેલ્લા ત્રણ ટ્રેડિંગ સેશનમાં 10.06 ટકા વધ્યો છે. જેમાં એબી રિયલ એસ્ટેટ, બ્રિગ્રેડ એન્ટર, પ્રેસ્ટીજ એસ્ટેટ, ડીએલએફ, ઓબેરોય રિયલ્ટી, લોઢા ડેવલપર્સ, શોભા, ગોદરેજ પ્રોપર્ટીઝ, ફોનિક્સ મીલ્સ અને અનંતરાજ વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે ડાઉ ફયુચર 46 પોઇન્ટ સુધર્યા હતા, જેથી આજે સપાટ પણ પોઝિટિવ ખુલવાના સંકેત આપી રહ્યા છે. યુરોપિયન બજારો અને એશિયન બજારો ઉંચા જોવાયા હતા. રોકાણકારોએ ચાલુ સંઘર્ષને સમાપ્ત કરવા માટે યુએસ અને ઈરાન વચ્ચેના સંભવિત ડીલની વિગતોનું મુલ્યાંકન કરવાનું ચાલુ રાખ્યું હતું. આ ઉપરાંત, ટ્રમ્પે જાહેરાત કરી હતી કે યુએસ અને ઈરાન મીડલ ઈસ્ટના યુદ્ધનો અંત લાવવા માટે એક કરાર પર પહોંચ્યા છે. આ દરમ્યાન જાપાનની સેન્ટ્રલ બેન્કે વ્યાજદર વધારીને એક ટકા કર્યા છે, જે 31 વર્ષની ઉંચી સપાટીને દર્શાવે છે. ડિસેમ્બર પછી બીઓજેનો આ પહેલો વધારો છે. જેને રોકાણકારો વધાવી દીધો હતો. ચીનનો બેરોજગારી દર એપ્રિલ 5.2 ટકાની તુલનામાં મે મહિનામાં ઘટીને 5.1 ટકા થયો હતો.

યુરોપિયન બજારોમાં 0.55 ટકા, કેક 0.71 ટકા અને ડેક્સ 0.56 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.06 ટકા, સ્ટ્રેઈટસ 0.77 ટકા, તાઈવાન 0.90 ટકા, કોસ્પી 2.07 સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે શાંઘાઈ 0.11 ટકા અને હેંગસેંગ 1.57 ટકા ઘટયા હતા.

## રૂપિયામાં સુધારો આગળ વધ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 16:** ઇરાન અને અમેરિકા વચ્ચેની યુદ્ધ વિરામની ડીલ થવાની છે, ત્યારે ક્રુડ ઓઇલના ભાવમાં સતત ઘટાડો આગળ વધતા ડોલરમાં નરમાઇ જોવા મળી હતી અને રૂપિયો વધુ મજબૂત જોવાયો હતો. આજે ડોલરની સામે રૂપિયો 16 પૈસા સુધરીને 94.56ના સ્તરે બંધ રહ્યો હતો, જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 94.72ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 109.95, પાઉન્ડ 127.78, કેનેડિયન ડોલર 67.54, ઓસ્ટ્રેલિયન ડોલર 67.13, જાપાનીઝ યેન 0.5899 અને સીંગાપોર ડોલર 73.87ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 94.56 રૂ. |
| યુરો | 109.95 રૂ. |
| પાઉન્ડ | 127.78 રૂ. |
| યેન | 0.5899 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 544.15 | 76808.48 |
| નિફ્ટી | 135.25 | 23989.15 |
| બેન્ક નિફ્ટી | 98.35 | 57297.15 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચસીએલ ટેક્નો | 3.55 | 1159.00 |
| ટાટા કન્ઝયુમર | 2.77 | 1130.90 |
| એનટીપીસી | 2.14 | 355.55 |
| બજાજ ફિનસર્વ | 2.12 | 1787.30 |
| એચયુએલ | 2.03 | 2199.90 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| હિન્ડાલ્કો | 3.11 | 982.40 |
| જેએસડબલ્યુ સ્ટીલ | 1.71 | 1274.30 |
| એચડીએફસી લાઇફ | 1.17 | 574.40 |
| અપોલો હોસ્પિટલ | 0.92 | 8390.50 |
| આઇશર મોટર | 0.84 | 7560.50 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચસીએલ ટેક્નો | 3.59 | 1159.35 |
| બજાજ ફિનસર્વ | 2.13 | 1787.00 |
| એચયુએલ | 2.10 | 2201.15 |
| એનટીપીસી | 2.10 | 355.45 |
| ટીસીએસ | 1.72 | 2198.85 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ટરગ્લોબ | 0.86 | 4835.70 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 0.82 | 11380.00 |
| મારૂતિ સુઝુકી | 0.81 | 13692.85 |
| ટાટા સ્ટીલ | 0.71 | 196.00 |
| બીઇએલ | 0.51 | 407.35 |

# પાકિસ્તાનને સાથ આપવો તુર્કીની કંપની 'સેલેબી'ને ભારે પડ્યો

**'એક જ** રાતમાં' $૫૦૦ મિલિયનનું નુકસાન!

**સેલેબી** કંપની દિલ્હી, મુંબઈ અને બેંગલુરુ સહિત દેશના 9 મુખ્ય એરપોર્ટ પર ગ્રાઉન્ડ-હેન્ડલિંગનું કામ સંભાળતી સૌથી મોટી કંપની હતી

નવી દિલ્હી, તા. 16: ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનને તુર્કી દ્વારા અપાયેલા સૈન્ય સમર્થન બાદ ભારત સરકારે તુર્કીની એવિએશન સર્વિસ કંપની 'સેલેબી'ની સુરક્ષા મંજૂરી અચાનક રદ કરી દીધી હતી. કંપનીના ચેરપર્સન કેનન સેલેબીઓગ્લુએ બ્લૂમબર્ગને આપેલા ઈન્ટરવ્યુમાં દાવો કર્યો છે કે, ભારતના આ નિર્ણયને કારણે તેમની કંપનીના સાધનો જપ્ત થઈ ગયા, કરારો રદ થયા અને કર્મચારીઓની બદલી થઈ ગઈ, જેના લીધે એક જ રાતમાં અંદાજે 400થી 500 મિલિયન ડોલરનું નુકસાન થઈ ગયું હતું. વર્ષ 2000થી ભારતમાં ખૂબ જ મહેનતથી ઊભી કરાયેલી બજારની પકડ એક જ દિવસમાં શૂન્ય થઈ ગઈ.

ભારત અને પાકિસ્તાન વચ્ચેના 4 દિવસના સશસ્ત્ર સંઘર્ષ (ઓપરેશન સિંદૂર)માં અંકારાએ ઈસ્લામાબાદને 350 થી વધુ ડ્રોન અને સૈન્ય સહાય મોકલીને ખુલ્લેઆમ સાથ આપ્યો હતો. આ ઘટના પહેલાં સેલેબી કંપની દિલ્હી, મુંબઈ અને બેંગલુરુ સહિત દેશના 9 મુખ્ય એરપોર્ટ પર ગ્રાઉન્ડ-હેન્ડલિંગનું કામ સંભાળતી સૌથી મોટી કંપની હતી અને વર્ષે 58,000 ફ્લાઈટ્સનું સંચાલન કરતી હતી. પરંતુ રાષ્ટ્રીય હિતોની સુરક્ષા માટે નાગરિક ઉડ્ડયન મંત્રાલયે 15 મે, 2025ના રોજ તેની લાયસન્સ મંજૂરી રદ કરી દીધી, જેને પાછળથી દિલ્હી હાઈકોર્ટે પણ યોગ્ય ઠેરવી હતી. કંપનીના 10,000 કર્મચારીઓને અન્ય ઓપરેટરમાં ટ્રાન્સફર કરી દેવાયા હતા.

# જાપાનના નિક્કીએ પ્રથમ વખત 70000 પોઈન્ટના સ્તરને પાર કર્યું

**23 એપ્રિલે** 60000ને પાર કર્યા બાદ બે મહિનાથી ઓછા સમયમાં 10000 પોઇન્ટ ઉછળ્યું

મુંબઈ, તા. 16: જાપાનનો બેન્ચમાર્ક ઈન્ડેક્સ નિક્કી 225 ઈન્ડેક્સ આજે પ્રથમ વખત 70000 પોઈન્ટના સ્તરને પાર કર્યો હતો. અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ સમજૂતી કરાર, એઆઇ સાથે જોડાયેલા શેરમાં વધારો અને જાપાનની અર્થવ્યવસ્થામાં રોકાણકારોના વધતા વિશ્વાસને આધારે નિક્કી 225એ આ સિદ્ધિ હાંસલ કરી છે. અગાઉ 23 એપ્રિલ, 2026માં પહેલીવાર નિક્કી 225 ઈન્ડેક્સ 60000ના સ્તરને પાર કરી ગયું હતું અને હવે બે મહિનાથી ઓછા સમયમાં 10000 પોઈન્ટને પાર કરી ગયું છે. આજે ઈન્ટ્રાડેમાં તે 70020.68 પોઈન્ટની વિક્રમી સપાટીએ પહોંચ્યો હતો.

ખાસ વાત એ છે કે ભારત સિવાય પહેલીવાર એશિયાના કોઈ પણ મોટા બજારનો ઈક્વિટી બેન્ચમાર્ક ઈન્ડેક્સ 70000ના સ્તરને પાર કરી ગયો છે. ભારતીય બજારમાં સેન્સેક્સની વાત કરીએ તો, તે 1 ડિસેમ્બર, 2025ના રોજ 86,159.02 ની રેકોર્ડ ઊંચી સપાટીએ હતો, અને તે હજી પણ 76600 ની ઉપર છે.

બેંક ઓફ જાપાન વ્યાજદરો નક્કી કરવાની હતી, ત્યારે બજારની પણ નજર તેના પર હતી. બેંક ઓફ જાપાને તેના વ્યાજદરમાં 25 બીપીએસનો વધારો કરીને 0.75 ટકાથી વધારીને 1 ટકા કર્યો છે. આ સાથે જાપાનનો પોલિસી રેટ લગભગ ત્રીસ વર્ષની વિક્રમી ઊંચી સપાટીએ પહોંચી ગયો છે. જોકે, વ્યાજદરમાં વધારો હોવા છતાં, રોકાણકારોએ તેને કોર્પોરેટ નફા માટે ખતરો આપવાને બદલે જાપાનની આર્થિક પુનઃ રીકવરી પ્રાપ્તિ પ્રક્રિયાની મજબૂતીના સંકેત તરીકે જોયો હતો.

જ્યારે યુએસ અને ઈરાન યુદ્ધ રોકવા માટે સંમત થયા, ત્યારે તેણે વિશ્વભરના બજારોમાં તેજી પરત ફરી હતી. હોર્મુઝની ખાડીમાંથી ક્રુડનો પુરવઠો ફરીથી સામાન્ય સ્થિતિમાં આવવાની આશાથી રોકાણકારો ચિચિયારતા હતા. હોર્મુઝથી તેલનો પુરવઠો સામાન્ય થવાની આશાએ ફરીથી વિશ્વભરના બજારમાં હિલચાલમાં વધારો કર્યો. જો કે, નિક્કીનો રેકોર્ડ વધારો માત્ર વૈશ્વિક પરિબળોને કારણે જ નહીં પરંતુ સ્થાનિક પરિબળોને કારણે પણ હતો. કંપનીઓના ઉત્તમ વ્યવસાયિક પરિણામો, વેતન વૃદ્ધિમાં સુધારો અને એઆઇ સંબંધિત માંગમાં વધારો દ્વારા પણ તેને ટેકો મળ્યો હતો.

# યુએસ-ઈરાન ડીલ : શેર, સોનુ કે બોન્ડ કયાંથી કમાણી થશે?

**નિષ્ણાતોનું** માનવું છે કે હવે આગામી મોટો રાઉન્ડ રિટર્નનો શેરબજારમાંથી જોવા મળી શકે

મુંબઇ, તા. 16: અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ શાંતિ સમજૂતિના કારણે ક્રુડ ઓઈલના ભાવ 80 ડોલર પ્રતિ બેરલ થઈ ગઈ છે. આ બજારના વાતાવરણમાં ફેરફાર કરે તેવું લાગે છે.જેમાં નિષ્ણાતોનું માનવું છે કે હવે આગામી મોટો રાઉન્ડ રિટર્ન શેરબજારમાંથી આવી શકે છે.

મીડલ ઈસ્ટમાં તણાવ દરમ્યાન શેરબજાર દબાણ હેઠળ હતું, પરંતુ હવે હોર્મુઝની ખાડી ફરીથી ખુલવાની સાથે ક્રુડ પુરવઠાનું મોટું જોખમ ઘટી ગયું છે, તેનાથી ભારતીય કંપનીઓનો ખર્ચ ઘટી શકે છે, તેની સાથે એફઆઈઆઈના વળતરની અપેક્ષા પણ વધી છે.

નિષ્ણાતોના મતે પશ્ચિમ એશિયાની કટોકટીની અસર ભારતીય શેરબજાર પર સૌથી વધુ પડી છે. કારણ કે ભારત ગલ્ફ દેશો પાસેથી ક્રુડ ખરીદીને તેની જરૂરિયાતોનો મોટો હિસ્સો પુરી કરે છે. ક્રુડ ઓઈલના ભાવ ઘટવાથી ભારતીય શેરોને બુસ્ટ મળશે. બીજી તરફ, બોન્ડ, ગોલ્ડ અને અન્ય કોમોડીટીઝ હાલમાં ખાસ મજબૂતી બતાવી રહ્યા નથી. અન્ય નિષ્ણાતનું કહેવું છે કે, જ્યારે ભૌગોલિક રાજકીય તણાવ ઓછો થાય છે, ત્યારે રોકાણકારોનું ધ્યાન કંપનીઓની કમાણી, અર્થતંત્રની સ્થિતિ અને નવા રોકાણો પર વળે છે. આવા વાતાવરણમાં શેરબજાર સારૂ પ્રદર્શન કરી શકે છે. જ્યારે શેરબજારમાં ઓએમસી કંપનીઓના શેરોમાં ઝડપી ઉછાળો જોવા મળી શકે છે કેમકે ક્રુડ ઓઈલ સસ્તુ થવાથી નફાનો માર્જિન વધી શકે છે. જ્યારે એવીએશન, ટ્રાન્સપોર્ટસ, લોજિસ્ટીક્સ, ટાયર અને પેઈન્ટસ કંપનીઓને શેરોને લાભ મળી શકે છે. નિષ્ણાતોનું કહેવું છે કે, રોકાણકારોએ પોતાના પોર્ટફોલિયોમાં લાર્જકેપમાં 50થી 55 ટકા, મિડકેપ 20થી 22 ટકા અને બાકીનો હિસ્સો સ્મોલકેપ શેરોમાં રાખી શકાય છે. જોકે, હાલમાં મિડકેપ અને સ્મોલકેપ શેરો જોર બતાવી રહ્યા છે, ત્યારે સારી કમાણી અને ગુણવત્તા ધરાવતી મિડકેપ-સ્મોલકેપ શેરોમાં પણ ધ્યાન રાખી શકાય છે.

**યાર્ન બજાર સુરત** — (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૭.૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૭૦ | ૫૦/૩૬ '' | ૧૪૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૫૧ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૭ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૩ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૨ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૪૪ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૮ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૪૨ | ૧૦૦ ટેક્ષ | ૧૪૦ | ૬૮ ક્રિમ્પ | ૧૪૭ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૪૩ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૪૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૫ | ૭૫ ક્રિમ્પ | ૧૪૨ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૫૧ | ૮૦ ક્રિમ્પ | ૧૪૦ |
| ૮૦/૭૨ રોટો. | ૧૪૨ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૩.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૪૩ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૯ | ૮૦/૧૦૮ '' | ૧૪૩.૫ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૪૨.૫ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૪૮૮૦ |
| તેજાબી સોનું | ૧૫૪૭૯૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૭૧૪૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૧૭૮૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૪૮૮૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૫૪૩૦૦ |
| ચાંદી સિક્કા | ૨૫૫૮૦૦ |

**જથ્થાબંધ ખાંડબજાર** પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૫૦૦ |
| એમ-૩૦ | ૪૪૫૦ |
| એસ-૩૦ | ૪૪૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |

**તેલ બજાર સુરત** ૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૯૫૦ | કોપરેલ | ૪૭૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૭૦૦ | વનસ્પતિ ઘી | ૨૬૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૨૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૭૭૦ | તલતેલ | ૪૭૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૫૨૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૮૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

# 6 લાખ રોકાણકારોને ફટકો, જેપી એસોના શેર BSE-NSE પર ડિલિસ્ટ

**31 માર્ચ**, 2026ના રોજ કંપનીના 6.48 લાખ શેરહોલ્ડરો હતા, જેમાંથી 6.4 લાખ માત્ર નાના રિટેલ રોકાણકારો હતા

મુંબઈ, તા. 16: જેપી એસો.ના શેરો ડિલિસ્ટીંગ થઇ ગયા છે. જે આજે એનએસઇ તથા બીએસઇમાંથી કાયમ માટે હટાવી દીધા છે. જે સંદર્ભે કંપનીએ સોમવારે બહાર પાડવામાં આવેલી સત્તાવાર એકસચેન્જ ફાઇલીંગમાં જણાવ્યું હતું કે, તેને ડિલિસ્ટીંગ માટેની અંતિમ મંજુરી મળી ગઇ છે. આ નિર્ણયનો સૌથી મોટો ઝટકો 6 લાખથી વધુ નાના રોકાણકારોને થયો છે, જેમને શેરના બદલામાં કોઇ ચુકવણી મળશે નહીં. કંપનીએ શેરબજારમાં પહેલેથી જ સ્પષ્ટ કરી દીધું હતું કે, નવા રિઝોલ્યુશન પ્લાન હેઠળ રોકાણકારોને કોઇ રકમ આપવામાં આવશે નહીં. આનું કારણ કંપનીની ખૂબ જ નબળી આર્થિક સ્થિતિ છે.

શેરબજારના નિયમ હેઠળ બેન્કો અને સુરક્ષિત લેણદારોના નાણા નાદારી પ્રક્રિયામાં પહેલા ચુકવવામાં આવે છે. જ્યારે રકમ તેમના માટે પુરતી નથી, ત્યારે સામાન્ય શેરહોલ્ડરોને કંઇ મળતું નથી. આ કારણોસર રોકાણકારો માટે એક્ઝિટ પ્રાઇસ શૂન્ય નક્કી કરવામાં આવી છે. 31 માર્ચ, 2026ના આંકડા પર નજર કરીએ તો કંપનીના 6.48 લાખ શેરહોલ્ડરો હતા. જેમાંથી 6.4 લાખ માત્ર નાના રિટેલ રોકાણકારો હતા. કંપનીમાં તેમની પાસે કુલ 45 ટકા હિસ્સો હતો, જ્યારે 8 ટકા શેર પણ આઇસીઆઇસીઆઇ બેન્ક પાસે હતો, જે તમામ સમાપ્ત થઇ જશે.

# ડિઝલ અને એટીએફમાં વિન્ડફોલ ટેક્સમાં વધારો થયો

**ડિઝલની** નિકાસ પર ડયુટી વધારીને રૂ. 14 અને એટીએફ પર રૂ. 12.5 પ્રતિ લિટર કરવામાં આવી

નવી દિલ્હી, તા. 16: ભારત સરકારે નોટિફિકેશન બહાર પાડ્યું હતું, જેમાં વિન્ડફોલ ટેક્સમાં વધારો કરવાની જાહેરાત કરી છે. ડિઝલની નિકાસ પર સ્પેશ્યલ એડિશનલ એકસાઇઝ ડ્યુટી અગાઉના રૂ. 13.5 પ્રતિ લિટરથી વધારીને રૂ.14 કરી છે. જ્યારે એટીએફ પરની આ ડયુટી રૂ. 9.5 પ્રતિ લિટર વધારીને રૂ. 12.5 કરી છે. જોકે, પેટ્રોલની નિકાસમાં કોઇ ફેરફાર કરવામાં આવ્યો નથી. તેનો દર રૂ. 1.5 પ્રતિ લિટર રહેશે. નાણા મંત્રાલયે એ પણ સ્પષ્ટતા કરી છે કે ઘરેલું વપરાશ માટે પેટ્રોલ-ડિઝલ પરના હાલના દરોમાં કોઇ ફેરફાર કરવામાં આવશે નહીં.

મીડલ ઈસ્ટમાં વધતા તણાવ વચ્ચે સરકારે 26 માર્ચે ડિઝલ અને એટીએફ પર નિકાસ ડયુટી લાદી હતી અને ત્યારથી દર પંદર દિવસે દરોની સમીક્ષા કરવામાં આવી રહી છે. આ તણાવમાં ક્રુડ ઓઈલના ભાવના વધઘટ વચ્ચે સ્થાનિક પુરવઠો સુનિશ્ચિત કરવાના હેતુથી આ વિન્ડફોલ ટેક્સ લાદવામાં આવ્યો હતો. સરકારનું કહેવું છે કે આ પગલાનો હેતુ કિંમતોમાં તફાવતનો લાભ લઈને નિકાસકારો તરફથી ગેરવાજબી લાભ અટકાવવાનો છે. દેશમાં બળતણની પર્યાપ્ત ઉપલબ્ધતા જાળવવી પડશે.

# સ્પેસએક્સ 60 બિલિયન ડોલરમાં એઆઈ કોડિંગ કંપની 'કર્સર' ખરીદશે

ન્યૂયોર્ક, તા. 16: ઈલોન મસ્કની સ્પેસ ટેક્નોલોજી કંપની સ્પેસ એક્સપ્લોરેશન ટેક્નોલોજીસ કોર્પ. (સ્પેસએક્સ)એ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) કોડિંગ ક્ષેત્રમાં એક મોટું પગલું ભરતાં એઆઈ કોડિંગ આસિસ્ટન્ટ કર્સરના નિર્માતા એનીસ્પેર, ઈન્ક.ને હસ્તગત કરવા માટે એક સોદો પૂર્ણ કર્યો છે.

સ્પેસએક્સના એસઈસી ફોર્મ-8-કે ફાઈલિંગ મુજબ, કંપનીએ 16 જૂન, 2026ના રોજ કર્સર અને એક્સ67 ઈન્ક. (સ્પેસએક્સની સંપૂર્ણ માલિકીની પેટા-કંપની)ને મર્જ કરવા માટે એક કરાર અને યોજના પર હસ્તાક્ષર કર્યા છે.

કર્સર સ્પેસએક્સની સંપૂર્ણ માલિકીની પેટા-કંપની તરીકે કામ કરવાનું ચાલુ રાખશે.

**સુડોકુ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૬ | ૧ | ૯ | ૭ | | | | |
| | ૮ | ૭ | ૪ | | | | ૫ | ૨ |
| ૪ | ૫ | ૩ | ૨ | | | ૭ | | |
| ૩ | ૧ | | ૫ | ૨ | ૯ | ૪ | ૭ | |
| ૭ | ૪ | ૨ | ૮ | ૬ | ૩ | | ૧ | ૫ |
| ૬ | | ૫ | ૧ | | ૭ | | | |
| ૮ | | ૯ | ૭ | | ૪ | ૬ | ૩ | |
| ૫ | ૭ | ૬ | ૩ | | | | | ૪ |
| | ૩ | | | | ૨ | | ૮ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### કુલીનજન

અલ્પિનિયા ની ભૂમિગત ગાંઠ સ્વાદે તીખી છે. એનું ચૂર્ણ મધ સાથે બાળકને ચટાડવામાં આવે છે. બાળકની વાણી સરળ સ્પષ્ટ બને છે. ટુકડો મોંમાં રાખી ચૂસવા થી ગળું બેઠું હોય તો ખુલી જાય છે.

# એનએસઈએ નવા 11 સેકટરલ ઈન્ડેકસ લોન્ચ કર્યા

મુંબઇ, તા. 16: એનએસઇની પેટાકંપની એનએસઇ ઈન્ડેક્સે 11 નવા સેક્ટરલ ઈન્ડેક્સ લોન્ચ કર્યા છે. જેમાં નિફ્ટી પાવર અને નિફ્ટી ઈન્ડેક્સનો સમાવેશ થાય છે. આનાથી ક્ષેત્રીય સૂચકાંકોની સંખ્યા વધીને 34 થઈ ગઈ છે. એનએસઈ દેશનું સૌથી મોટું સ્ટોક એક્સચેન્જ છે. આજરોજ લોન્ચ થયેલા નવા સૂચકાંકોમાં નિફ્ટી પાવર, નિફ્ટી કેપિટલ ગુડ્સ, નિફ્ટી ટેલિકોમ્યુનિકેશન્સ, નિફ્ટી કન્સ્ટ્રક્શન, નિફ્ટી કન્ઝ્યુમર સર્વિસિસ, નિફ્ટી રિટેલ, નિફ્ટી હોસ્પિટલ્સ, નિફ્ટી એનબીએફસી વગેરેનો સમાવેશ થાય છે. એનએસઇ સૂચકાંકો અનુસાર, નવા સેકટરલ સૂચકાંકો ઉભરતા ક્ષેત્રો વિશે વ્યાપક માહિતી પ્રદાન કરશે.

# છ મહિનામાં 23 કંપનીઓએ આઈપીઓ રૂટથી 27 હજાર કરોડનું ભંડોળ એકત્ર કર્યુ

**2025માં** 103 કંપનીઓએ આઇપીઓ રૂટથી 1.76 લાખ કરોડ રૂપિયા એકત્ર કર્યા હતા

મુંબઇ, તા. 16: કેલેન્ડર વર્ષ 2025માં મજબૂત થયા પછી, 2026માં શેરબજારમાં ઉથલપાથલના કારણે આઈપીઓ બજાર નિરસ જોવાયું હતું. તાજેતરના અહેવાલ મુજબ, ઉચ્ચ અસ્થિરતા અને વ્યાપક અનિશ્ચિતતા વચ્ચે 23 કંપનીઓએ 2026માં અત્યાર સુધીમાં 27000 કરોડ રૂપિયાથી વધુનું ભંડોળ એકત્ર કર્યું છે. જ્યારે વર્ષ 2025માં 103 કંપનીઓએ 1.76 લાખ કરોડ રૂપિયા એકત્ર કર્યા હતા. રિપોર્ટ અનુસાર, ક્વિક કોમર્સ કંપની ઝેપ્ટો અને દેશની સૌથી મોટી ફંડ હાઉસ એસબીઆઇ મ્યુચ્યુઅલ ફંડ્સ આવતા મહિને આઈપીઓ પર વિચાર કરી રહી છે. આ સિવાય દેશની સૌથી મોટી સ્ટોક એક્સચેન્જ એનએસઇ પણ આ અઠવાડિયે આઈપીઓ માટે પ્રારંભિક દસ્તાવેજો રજૂ કરે તેવી સંભાવના છે. રિપોર્ટ અનુસાર, 2026ના બાકીના મહિનાઓમાં આઈપીઓ બજાર મજબૂત રહેવાની સંભાવના છે. સેબીના ડેટા અનુસાર, મે 2026 સુધીમાં, કેપિટલ માર્કેટ રેગ્યુલેટર સાથે કુલ 236 મેઈનબોર્ડ આઈપીઓ તૈયાર કરવામાં આવ્યા હતા. તેમાંથી 163 આઈપીઓને સેબી દ્વારા મંજૂરી આપવામાં આવી છે અને 73 મંજૂરીની રાહ જોઈ રહ્યા છે.

## આજનું પંચાંગ

**તા. 17/06/2026, બુધવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** નિજ જેઠ
**તિથિ:** સુદ: તીજ: 21:40
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
**રાષ્ટ્રિય દિનાંક :** જેઠ: 27
**યોગ :** ધ્રૂવ **કરણ:** તૈતિલ
**નક્ષત્ર :** પુનર્વસુ: 13:38
**રાશિ:** મિથુન: (ક.છ.ઘ.) 08:15 પછી કર્ક (ડ,હ)
**દિવસ :** મિશ્ર, રંભાવ્રત મહારાણા પ્રતાપ જયંતી, મેળા હલ્દીઘાટ, હિજરી સન: 1448 પ્રારંભ
**સુરતમાં સૂર્યોદય :** 05:59 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:20
**નવકારસી :** 06:47
**પારસી વર્ષ :** 1395 બહમન માસનો 07મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 મોહરમ માસનો પ્રથમ રોજ
**દિવસનાં ચોઘડિયાં:** લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ
**રાત્રિનાં ચોઘડિયાં:** ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ
**રાહુ કાળ :** બપોરે:- 12:00 થી 13:30 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** નોકરી-ધંધા- વ્યવસાયમાં નવા ફેરફાર અને ટેક્નોલોજીના કારણે અનુકુળતા વધશે. આવક વધે.

**વૃષભ (બ,વ,ઉ,):** શિક્ષણ પરીક્ષા, કોમ્પ્યુટર, ઈન્ટરવ્યુ વગેરેના કામ સફળ રહે. આત્મવિશ્વાસ વધશે. પ્રવાસ થાય.

**મિથુન (ક,છ,ઘ,):** આવક વધે. પારીવારિક અને વારસાગત ધંધામાં નવી તક ઊભી થાય. ઉઘરાણી આવી. નવી બચત યોજના બને.

**કર્ક (ડ,હ,):** શુભ સમાચાર મળે. સમાજ જાહેર જીવનમાં યસ મળે. નોકરીમાં પ્રભાવ વધે. આરોગ્ય સુધરે. પ્રવાસ થાય.

**સિંહ (મ,ટ,):** ધાર્મિક પ્રસંગમાં સતસંગનો લાભ મળે. વિદેશનો કામ પાર પડશે. કોર્ટ, કચેરીમાં અનુકુળતા વધશે.

**કન્યા (પ,ઠ,ણ,):** વિદ્યાર્થીઓને શુભ સમાચાર ઉત્સાહીત કરશે. શેરબજારમાં લાભ થાય. મિત્રો સાથે મનોરંજન થાય.

**તુલા (ર,ત,):** આવક વધારવાની યોજનામાં વડીલો, મિત્રોનો સાથ મળે. નોકરીમાં પ્રમોશન કે પગાર વધારો થાય. ધંધામાં આવક.

**વૃશ્ચિક (ન,ય,):** લેખન, પ્રકાશન, મુદ્રા, શિક્ષણ, આયાત-નિકાસ વિદેશ પ્રવાસ, કાયદા કાનૂનને લગતા કામમાં પ્રગતિ થાય.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** અધ્યાત્મિક પ્રવૃત્તિથી શાંતિ મળે. ઉઘરાણી આવે. સરકારી યોજનાનો લાભ મળે. વીલ-વારસામાં પ્રગતિ થાય.

**મકર (ખ,જ,):** રોજની આવક વધે. રોજના કામમાં મદદ મળે. કોર્ટ-કચેરીમાં પ્રગતિ થાય. ઊંમરલાયકના વિવાહ થાય.

**કુંભ (ગ,સ,શ,ષ,):** સરકારી નોકરીની યોજનામાં પ્રગતિ થાય. ઊપરી વર્ગનો સાથ મળે. હરીફોની પીછેહઠ થાય. ખર્ચા વધશે.

**મીન (દ,ચ,ઝ,થ,):** ઉચ્ચ કક્ષાના મિત્રોનો સાથ મળે. સંતાનોના કામ પાર પડે. શેર બજારમાં લાભ થાય. પરીક્ષામાં સફળતા મળે.

### કોઈ પણ સાલમાં 17 જૂને જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરીમાં નવી તક, પ્રમોશન કે પગાર વધારાનો લાભ મળે. ધંધા-વેપારમાં નવી યોજનાથી આવક વધે. સમાજમાં પ્રતિષ્ઠા વધે. આર્થિક પ્રગતિ, ઉઘરાણી આવવાથી નવા રોકાણ સરળ બને. નવા ઘર, વાહન, મકાનની યોજના શરૂઆતમાં પાર પડશે. આરોગ્ય સામાન્ય રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદ મળે. કાયદાકીય પ્રશ્નો હલ થાય. સંતાનોના કેરિયર- શિક્ષણમાં પ્રગતિથી ઉત્સાહ વધશે. ઉંમર લાયકના વિવાહ થાય. પ્રેમ વિવાહની યોજનામાં સફળતા મળે. આવક વધારવાની યોજનામાં મિત્રો વડીલોનો સાથ મળે. વારસા, જાયદાત, જમીન જેવા કામમાં પ્રગતિ થાય. વિદેશ પ્રવાસ, વિદેશમાં વિદ્યાભ્યાસ, આયાત-નિકાસ જેવા કામમાં પ્રગતિ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. યાત્રા-પ્રવાસ- ધર્મ-કર્મથી શાંતિ મળે. ડીસેમ્બર, જાન્યુઆરી, ફેબ્રુઆરી, શુક્ર શનિવાર, 08,17, 26 તારીખે નવા કામ કરવો. કાળ, નીલા રંગનો ઉપયોગ કરવો. માર્ચ-એપ્રિલ, બુધવાર, 07,16,25 તારીખે નવા કામ ટાળવાં. સોનેરી રંગનો ઉપયોગ ટાળવો. શનિવારનો ઉપાય કરતા રહેવું.